**અમદાવાદના મ્હે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,**
**કોર્ટ નં. ૨૨, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૩૩૮/૨૦૧૫.**
**આંક– .૪**

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

ઈમ્તિયાઝ ઉર્ફે ભૈયા હલીમભાઈ શેખ. ...... આરોપી

**આરોપ :– એમ. વી. એકટ ૧૮૫**

:: **ઠ રા વ** ::

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી તા. ના રોજ પોતાના કબજા વાળુ વાહન નંબર– કેફી પ્રવાહી પીધેલ હાલતમાં ડ્રાઈવીંગ કરતા મળી આવી એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજુઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ – નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું મને વ્યાજબી અને ન્યાયીક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુ ક મ ::

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ –૩૦ (ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તારીખઃ–૯/૩/૨૦૧૯.

(એસ. એમ. ગોવાણી),
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
જી.જે. ૦૦૯૧૮